જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૬/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૫૭૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૦ બીયર ટીન, ૦૧ ટાટા મીની ટ્રક અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૮૭/૨૦૨૬**

ક્રાઇમ બ્રાંચઃ નિહાલચંદ નંદલાલ ઘાનેચા (ઉ.વ.૫૫)(રહે.સિંધી સહજીવન સોસાયટી જુના વાડજ બસ સ્ટોપ પાસે વાડજ) એ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૨૨/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન “હર્ષ હની ફેબ્રિક્સ” (દુકાન નંબર.સી/૧૦૯, વી.આઇ.પી.ઇસ્કોન માર્કેટ સફલ–૧ માર્કેટ સામે રાયપુર) ખાતેથી આરોપી (૧) “શિવકૃપા એન્ટરપ્રાઇઝ” ના માલીક સુનિલ ઉર્ફે સાગર બાજપાઇ (ઘંટાકર્ણ મહાવીર માર્કેટ સારંગપુર)(રહે.દેવમ–૦૧,સંગાંથ ડાયમંડ ડી–માર્ટ મોલ પાછળ સાબરમતી) અને (૨) દલાલ જીતેન્દ્ર ડાભી નાઓએ ભેગામળી નિહાલચંદ તેમજ અન્ય સાહેદ વેપારીઓ પાસેથી કુલ રૂપિયા ૧,૪૯,૯૩,૯૨૭/– મતાનો જથ્થાબંધ લેડીસ કુર્તીઓ તથા રેયોન કાપડના માલની ખરીદ કરી, માલનું પેમેન્ટ ૯૦ દિવસ સુધીમાં ચુકવવાની ખાતરી આપી, પેમેન્ટના બાકી નિકળતા રૂપિયા ૮૯,૧૩,૭૦૦/– નહી ચુકવી પોતાની દુકાન તથા મકાન બંધ કરી નાસી જઇ નિહાલચંદ તથા સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.તડવી ચલાવે છે.

ઘરફોડ ચોરીઃ– **સમાચાર યાદી નં.૮૮૮/૨૦૨૬**

ચાંદખેડાઃ ભરતકુમાર બેચરભાઇ મહેતા (ઉ.વ.૫૯)(રહે. સમર્થ ડુપ્લેક્ષ, નગરપાલીકા રોડ, કવીશા સોસાયટીની બાજુમાં, ચાંદખેડા ગામ સામે, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૬ રાતના ૧૦/૧૫ થી ૧૦/૩૦ થી તા.૨૪/૦૬/૨૦૨૬ સવારના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૧,૨૫,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.કે.મકવાણા ચલાવે છે.

વાસણાઃ નિલેશભાઇ હીરાલાલ કુબડીયા (રહે.વાસુકી સોસાયટી, વાસણા એ.એમ.ટી.એસ. બસ સ્ટેશન સામે વાસણા) એ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ થી તા.૨૧/૦૬/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યકિત મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમમાં આવેલ બાથરૂમના કાચના કબાટના ખાનામાં રાખેલ રોકડ રૂપિયા ૧૭,૭૦,૦૦૦/– તથા નીચેના ખાનામાં રાખેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– તથા સોનાની બ્રેસલેટ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૯,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૮૯/૨૦૨૬**

વાડજઃ (૧) હેમેન્દ્ર સ/ઓ ભવરલાલ મીણા (ઉ.વ.૧૯)(રહે.વિમલવીલા વાઘેલા ફાર્મ ભાગવત પેટ્રોલ પંપની પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા ઇન્કમટેક્ષ, સાકાર–૩ માં "મધુ ટેલિકલેક્શન એન્ડ ડેટા કેર" નામની ઓફિસ ખાતે સીલીંગ ફેનની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

વાડજઃ (૨) નિમેષભાઇ કનૈયાલાલ મહેરચંદાની (ઉ.વ.૩૨)(રહે.સિંધુનગર સોસાયટી, હરેકૃષ્ણ ટાવર પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપકભાઇ બાબુભાઇ ચલાવે છે.

વટવા જીઆઇડીસીઃ વટવા જીઆઇડીસી જશોદાનગર મહીસાગર મંદીર પાસે મુન્શીપુરાના છાપરામાં ભાડાના મકાનમાં રહેતા પ્રહલાદભાઇ દિલીપભાઇ ઝાલા (ઉ.વ.૩૨) (મુળ વતન. ઝવેરનગર મકરપુરા એસ.ટી.ડેપો પાછળ મકરપુરા વડોદરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.સાનીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી